





છોડતા નથી ઉદ્યોગપતિને, જોડતા રાખે છે,
મોટા દેખાડે, વિરોધીને આંખો ચોળતા રાખે છે,
ખોળતા રહે છે સલાહકારો આવકનો શ્રોત -
અધિકારી, કર્મચારી, તંત્રને દોડતા રાખે છે
(સરકારી તંત્ર મેરેથોનમાં..)

થયા ઉઘાડા,
વિચારસરણીથી
દંભી નેતાઓ..
(પિડીતા - પ્રત્યાઘાતો)

એના કરતાં -
'બાપુ' બનાવ્યા હોત!?
- તો ય બચત..
(આશારામ - સલાહ)




## ચિંતન

**વિદ્યા દદાતિ વિનયં વિનયાદ્ યાતિ પાત્રતામ્ ।**
**પાત્રત્વાદ્ ધનમાપ્નોતિ ધનાદ્ ધર્મસ્તતઃ સુખમ્ ॥**

'વિદ્યા-અભ્યાસ-જ્ઞાન-નિપુણતા દ્વારા સ્વભાવમાં 'વિનય' આવે છે. 'વિનય' વડે સમાજમાં પાત્રતા-લાયકાત-યોગ્યતા મળે છે, માણસ જયારે યોગ્ય ઠરે-પાત્રતા પ્રાપ્ત કરે ત્યારે તેને દ્રવ્યની પ્રાપ્તિ થાય છે. અને દ્રવ્ય વડે ધર્મનું પાલન જેવાં કે દાન-પુણ્ય અને લોકસેવાના સત્કાર્યો થાય છે.'

વિદ્યા-અભ્યાસ-સ્વાધ્યાય-વાચન-મનન-ચિંતન દ્વારા આત્માનો વિકાસ થાય છે, માનસિક વિકાસને કારણે દૃષ્ટિ અને યોગ્ય વિચારનો વિવેક આવે છે. સાચું શું-ખોટું શું ના નિર્ણયની શક્તિ એટલે વિવેક - અને આમ, આવા સાચા-સારા નિર્ણય લેનાર, આચરણ કરનાર સમાજમાં યોગ્યતાને પ્રાપ્ત કરે છે અને યોગ્યતા દ્વારા જ 'પાત્રતા' મળે છે.

જે માણસની પાસે નિપુણતા-યોગ્ય ડિગ્રી-જાણકારી-નિષ્ણાત છે, તેને રોજગાર-ધંધો શોધવા જવું નથી પડતું, રોજગારી તેને શોધતી આવે છે અને તેથી જ ગાડીઓ રીપેર કરનાર, સ્કૂટર રીપેરીંગ, દરજીઓ અને યાંત્રિક જાણકારી ધરાવનારા 'મિજાજી' હોય છે. એને મનમાં આવે તો જ કામ કરે! કારણ કે પાત્રતા છે.

દ્રવ્યની પ્રાપ્તિથી સમૃદ્ધિ વધે અને એનાથી લોકકલ્યાણ-સેવાનાં સત્કાર્યો થાય છે.

## સુવિચાર

- જેને જાતનું અભિમાન નથી, રૂપનું અભિમાન નથી, લાભનું અભિમાન નથી કે પંડિતાઇનું અભિમાન નથી તે જ સર્વ ગર્વનો ત્યાગ કરી 'ધર્મ ધ્યાન'માં રત એ જ સાધુ છે **- સ્વામી રામતીર્થ**
- સોના-ચાંદીના હિમાલય જેટલા મોટા ઢગલા પાસે બેઠો હોય, તો પણ તૃષ્ણા સંતોષાતી નથી કારણ કે તૃષ્ણા અનંત છે **- મહાવીર સ્વામી**
- તમે તમારા સત્યને એટલું કડવું બનાવો છો કે એ તમારા પોતાના કંઠે પણ ન ઉતરે **- નિત્સે**
- પોતાની જાતને જ આદર્શ-નમૂનો માનનાર કદાપિ સુધરી ન શકે **- ગિબ્બન**
- માત્ર નિર્મલ હૃદય જ પૂર્ણ આનંદનો અનુભવ કરી શકે છે, નિર્બળ હૃદય નહીં **- ગેટે**
- જીવનમાં બે વસ્તુ ખાસ સાચવી ને રાખજો - પ્રેમ અને કર્તવ્ય **- વર્જેલિયમ**
- જીવનને સુંદર-યશસ્વી બનાવવા ત્રણ બાબતો જરૂર છે : પ્રેમ-જ્ઞાન અને શક્તિ **- શાને ગુરૂજી**

## બોધ કથા

સરકાર કેન્દ્રની હોય કે રાજયની, સત્તાધીશો જયારે સત્તામાં હોય, ત્યારે પોતાને 'ભગવાન' કરતાં ચાર ચાસણી વધારે ચડેલા સમજે. કોઇ પણ પરિપત્રનો 'અર્થ' એ કરે, સમજે એ જ સાચો, એમની આજ્ઞા એટલે 'સત્યનો આદેશ' ખોટા હોવા છતાં એમની તુમાખી ગજબની હોય. સત્તાની પાસે 'શાણપણ' કામ આવતું નથી. પાંચ વર્ષ માટે ચૂંટાયા પછી માણસ 'સભ્ય' રહેતો નથી. ધારાસભ્ય થઇ જાય છે.

ઘરના એક છાપરાં પર બકરો બેઠો હતો. એ શેરીમાંથી સિંહ પસાર થતો હતો.

તરત બકરો બેં-બેં કરી બરાડી ઉઠ્યો. એય કૂતરાં! નાલાયક! આ મારી શેરી છે એમાંથી પસાર થવાની તેં હિંમત કરી જ કેમ?

સિંહ ધૂઆં-પૂઆં થઇ ગયો અને ઊંચે છાપરા પર-લોખંડની ઝાડી વાળી અગાસીમાં બંધ-સહી સલામત બેઠેલો. બકરાને જોઇ સિંહ સમજી ગયો, એને પહોંચાય એવું નથી એટલે મનમાં શાંતિ રાખી સમસમી ધીમે પગે, નીચું જોઇ આગળ વધવા લાગ્યો!

બકરો ફરી બોલ્યો, ઓય સિંહલા! તને સંભળાતું નથી? સિંહ કહે, આ તું નથી બોલતો તારૂં છાપરૂં બોલે છે એકવાર છાપરેથી નીચે ઉતર! તને જવાબ આપું.

રાજકારણી-સાહેબો સત્તાને છાપરેથી બૂમો પાડતા હોય છે. એકવાર નીચે ઉતરે પછી એમને પોતાનું સાચું સ્થાન શું છે એની સમજ પડે!

# મારી જિંદગીની ડોર મજબૂત હતી, જો તારા પપ્પા ન હોત તો કયારની તૂટી ગઇ હોત, પણ મેં તેને પડવા ન દીધી, હવે એ જ પોતે ડોર સંભાળી રહ્યા છે, હું મનમાં બોલી, એક પળ માટે હું જરા અસ્વસ્થ થઇ પણ બીજી જ પળે ખુરશીમાંથી ઉભી થઇ ગઇ અને બબલુની પતંગને છોડાવવા લાગી

**નવાં ક્લેવર**
**- નટવર હેડાઉ**

આકાશમાં રંગબેરંગી પતંગો ઉડી રહી હતી. લીલી-લાલ, પીળી, ગુલાબી પતંગિયાઓની જેમ ઊડતી પતંગો આકાશની શોભા બની રહી હતી. એવું લાગતું હતું જાણે કે આકાશની પરીઓ તેમનો પાલવ લહેરાવીને સૌ કોઇનું અભિવાદન કરી રહી હતી.

હું અને મારો બબલુ ધાબા પર બેસીને આ સુંદર દશ્ય ખુબ જ ધ્યાન પૂર્વક જોઇ રહ્યાં હતા. ત્યાં અચાનક એક વાદળી રંગની પતંગ કપાઇને અમારા ધાબા પર આવી પડી. મારો બબબુ ઊભો થઇ તાળીઓ વગાડતો મમ્મી... મમ્મી... પતંગ કપાઇ ગઇ... કપાઇ ગઇ... અરે મમ્મી માંઝો તો જો એમ કહેતાં તે આંગળીઓમાં લપેટતાં ખુશ થઇ રહ્યો હતો.

મને પણ બહુ સારૂં લાગ્યું. બાળકોને આકાશમાં ઉડતાં એરોપ્લેન અને પતંગો બહુ ગમતા હોય છે. જોઇને એ ખુશ પણ થતાં હોય છે. હું પોતે પણ બાળકોની જેમ ખુબ ખુશ થાઉં છું. આજે પણ કોઇ વિમાન ઉડતું દેખાય તો બધાં કામ પડતાં મુકી દોડીને આવું છું. અને વિમાનને જોઉં છું. એજ રીતે કોઇ પતંગ કપાય તો પણ બહુ ખુશ થાઉં છું. મેં પણ પતંગો બહુ ઉડાડી છે. એવી જ રીતે હવે મારો બબબુ પતંગ ઉડાડીને રાજી થાય છે.

મેં બબલુને કહ્યું, 'લાવ બેટા હું તારી પતંગને છોડાવું.'

'ના મમ્મી, તું બેસીને જો, હું પતંગ ઉડાવું છું.' અને એ પતંગ ઉડાડવા લાગ્યો. હવા જે તરફથી હોય એ તરફ પતંગ ઉડતી હતી. ઘણીવાર સુધી બબલુ કોશિષ કરતો રહ્યો. હું જોતી હતી. 'અરે રાજા બેટા લાવ હું તારી પતંગને છોડાવું. દીકરા જે રીતે કોઇની મદદ ન મળે કે ડૉર મજૂબત ન હોય તો પતંગ ઉડતી નથી. જિંદગીનું પણ એવું જ છે.'

મારી જિંદગીની ડોર મજબૂત હતી. જો તારા પપ્પા ન હોત તો કયારની તૂટી ગઇ હોત. પણ મેં તેને પડવા ન દીધી. હવે એ જ પોતે ડોર સંભાળી રહ્યા છે. હું મનમાં બોલી. એક પળ માટે હું જરા અસ્વસ્થ થઇ પણ બીજી જ પળે ખુરશીમાંથી ઉભી થઇ ગઇ અને બબલુની પતંગને છોડાવવા લાગી.

મેં બબલુંને કહ્યું. 'બેટા, ઢીલ મૂક... હાં મમ્મી લે' મેં ખાસ્સા દૂર જઇને પતંગને છોડી તેથી હવામાં આવી જતાં પતંગ ઉડવા લાગી. તેથી મારો બબલુ ખુશ થયો.

'વાહ... મમ્મી... વાહ...'

'અરે! બેટા દોરને જરા ખેંચી રાખ, ખેંચીન પછી ઢીલ દે. તેથી પતંગ ઊંચે જશે.' મને પણ બબલુને સાથે સાથે જોમ આવી રહ્યું હતું. પતંગ ઉડાડવાની મજા પડતી હતી. પણ મેં જોયું કે આકાશમાં કેટલી બધી પતંગો બબલુના પતંગની આજુબાજુ આવી ગઇ છે. ચારે બાજુ લાલ, પીપી, લીલી, વાદળી પતંગો મંડરાઇ રહી હતી. બબલુ ડરી ગયો. 'મમ્મા ારી પતંગ કપાઇ જશે.' 'ના, બેટા તારી પતંગ નહીં કપાવા દઉં.' હું બબલુને સમજાવતી રહી. બબલુ પોતાની પતંગને એ રીતે બચાવતો હતો. થોડીવારમાં ઉપર તો થોડીવારમાં નીચે પણ એક આસમાની રંગની પતંગ બરાબર બબલુની પતંગનો પીછો કરતી હતી. હું પણ ચૂપચાપ આ તમાશો જોઇ રહી હતી. હું જોવા માંગતી હતી કે બબલુ કઇ રીતે આસમાની પતંગથી પોતાની પતંગને બચાવે છે.

પછી થોડીવાર બાદ મેં જ બબલુને કહ્યું, 'લાવ એની ડોર મને આપ. આ આસમાની પતંગ મારા દીકરાની પતંગની પાછળ પડી ગઇ છે. જાણે તેને કોઇ દુશ્મનાવટ ન હોય.'

'બબલુ એ ન આપવા માટે જીદ કરી. મેં તેને સમજાવ્યો.' 'બેટા, તું હજી કાચો ખેલાડી છે.'

'તને ખબર નથી કે પતંગ કરી રીતે કપાઇને નીચે પડે. જરાક વધું... હું તારી પતંગને હમણાં પડવા નહીં દઉં.' મેં આગળ વધીને બબલુના હાથમાંથી ડોર લઇ લીધી. અને ધાભાની પાળી પર ચડીને પતંગ ચગાવવા લાગી. આજે આમ પણ આકાશમાં બહુ જ પતંગો ઉડતા હતા. 'જોઉં છું કોની પતંગ હવે મારી નજીક આવે છે. જેવી મેં ડોરને જરાક ઢીલ દીધી ત્યાં લાલ અને પીળી બે પતંગો મારી લીલી પતંગની લપેટમાં આવી ગઇ. બબલુ ખુશ થયો.'

હવે પેલી આસમાની પતંગ કોઇ શિકારીની જેમ મારી લીલી પતંગ પર મંડરાઇ રહી હતી. મેં કહ્યું, 'મારી આ લીલી પતંગ સામે તારી શું મગદૂર છે.'

બબલુ નીચેથી બૂમ પાડી બોલ્યો, 'મમ્મી જોજે પતંગ કપાઇ ન જાય.' તેને બીક હતી કે કદાચ તેની પતંગને હું મારી લીલી પતંગથી કપાઇ દઇશ.

'નો... માય ચાઇલ્ડ નો... નેવર... પતંગ કપાવા નહીં દઉં. હું પણ તારી જેમ દૃઢ છું. નક્કી...'

તને ખબરને બેટા તારી પતંગનો રંગ લીલો છે. અને તને ખબર છે ને કે ત્રિરંગામાં પણ લીલો રંગ હોય છે. આ લીલો રંગ ભારત માટે કેટલો મહત્વનો છે. તે ચારે તરફ હરિયાળી અને ખુશહાલીનો સંદેશ આપે છે. આ રંગ જ ભારતવાસીઓનાં દિલોમાં ઉમંગ પેદા કરે છે. તેથી જ તો આપણે ત્રિરંગાને નમન કરીએ છીએ.

તું ચિંતા ન કર તારી પતંગ ભલે કાગળની હોય પણ તેની ડોર બહુ મજબૂત છે બેટા, તારી ડોર મારા હાથમાં છે. હું તને એક બહાદૂર માણસ બનાવીશ. હું લાગણીવશ કંઇને કંઇ બોલી રહી હતી.

મારામાં એવું જોમ આવી ગયું હતુ, કે મને આજુ બાજુનું પણ કંઇ ભાન ન રહ્યું. મેં જિંદગીમાં કયારેય હાર માની નથી. તેથી જીત હંમેશાં મારી જ થઇ છે. અચાનક મારી નજર આસમાની પતંગ પર પડી. મેં મારી ડોર ને બહુ ઢીલ આપેલી હતી. મારા ડોરમાં આસમાની પતંગનો દોર ફસાયો હતો. બંને પતંગો ગોથાં ખાવા લાગી હતી.

'મમ્મા... મમ્મા... મારો બબલુ ઉતાવળીયો થઇ બોલ્યો.' 'મેં તેને મારી જાળમાં ફસાવવા જ ઢીલ મુકી હતી.' હવે જોજે તેની ડોર કેવી ખેંચું છું.' મેં બબલુંને કહ્યું.

મેં જયાં ડોર ખેંચ્યો ત્યાં આસમાની પતંગ કોણ જાણે કયાં ગઇ. બબલુ તાળીઓ વગાડવા લાગ્યો. તેના ચહેરા પર જીતની ખુશી વર્તાતી હતી. મેં પતંગને ઊંચે લીધી. ત્યારે બબલુ બોલ્યો. 'મમ્મા હું લંગર નાંખીશ. જો આ પેલી પીળી પતંગનો દોર જાય. તું મારી પતંગ ઉતારી લે.'

'ના... બેટા... ના... એવું ના કરાય. એ તો કાયરતા છે. મુશ્કેલ રસ્તે અડગ આગળ વધતાં જ વિજય મળે છે.'

મેદાન છોડીને હથિયાર હેઠાં મુકી દેવાં એ તો કાયરતા છે. લડાઇ સામસામે થાય છે. આ પતંગબાજી પેચનો જંગ છે ગાંડા'. હારજીત તો સમયનો સંજોગ છે. કોને કયારે શું મળશે એ તો નશીબની વાત છે. પતંગ ઉડાડતાં શીખ. આ જિંદગી પણ એક પતંગ જેવી છે. કયારે કપાઇ જાય કંઇ નક્કી નહીં.'

તું તો પેલી આસમાની પતંગથી ગભરાઇ ગયો હતો. એવી તો હજારો પતંગો તારા માર્ગમાં આવશે? તો શું તું ગભરાઇ જઇશ?

બબલુ મારી વાત સાંભળી જરા મલકાઇને બોલ્યો. 'હાં મમ્મા... યાર તું જીતી ગઇ.'

'અરે! નહીં બેટા, મારો બબલુ જીત્યો છે.' મેં તેને બાથમાં લઇ લીધો.

જયારે અમે માં દીકરો ખુશ હોઇએ ત્યારે એકબીજા સાથે મિત્રોની જેમ વાતો કરતા. મારો બબલુ પણ આગળ વધી મારે ગળે વળગી પડ્યો. મેં ખુશ થતાં તેના ગાલ પર ચુમી દીધી. 'બેટા તને શું એમ લાગે છે કે તું હારી જઇશ. હું હોઉં ને મારા બબલુને કોઇ હરાવે કે તેની લાગણીને ઠેસ પહોંચાડે એ શક્ય જ નથી. ડૉન્ટ વરી બેટા.'

ડૉન્ટ વરી... તારી મા બોલ્ડ બેઠીછે. તે કયારેય પાછી પડી નથી. તેથી એ માનો દીકરો પણ એવો જ થશે.' મેં તેની પીઠ થપથપાવી.

'જા હવે દોડતો જઇને જરા ગરમાગરમ ચ્હા પીવડાવી દે'

હું જયાં ખુરશી પર બેસવા ગઇ ત્યાં મારા માથા પર ફૂલો વરસ્યાં, મેં પાછું વાળીને જોયું તો કોઇ દેખાયું નહીં.

બબલુ ચ્હા લઇ આવ્યો. હું અને બબલુ ચ્હાં પીતાં હતાં. બબલુના માથે પણ ફૂલો, કેવું અજબ, કંઇ સમજાતું ન હતું. બબલુના પપ્પા બહાર ગયેલા હતા.

તેમના વિના મને બધું સૂનું સૂનું લાગતું હતું. પણ બબલુનો શોખ પુરો કરવો એ પણ મારી ફરજ હતી. બાળકોની ખુશીમાં ખુશ થવું પડતું હોય છે. પણ આ ફૂલો બનાવ સમજથી બહાર હતો.

મેંૂ બબલુને કહ્યું, 'જો બેટા કોણ છે? દરવાજો ખોલતાં પહેલાં નામ પુછજે.'

બબલુ દોડતો દોડતો ગયો તેણે પૂછ્યું 'કોણ છે?'

બહારથી અવાજ આવ્યો. 'ખોલો બેટા'

બબલુએ તેના પપ્પાનો અવાજ ઓળખી લીધો. 'મમ્મા પપ્પા આવી ગયા.' જલ્દીથી તેણે દરવાજો ખોલ્યો. મારો ચહેરો પણ ખીલી ઉઠ્યો. અચાનક ખુશી જ ખુશી વાહ! ભાઇ વાહ! કુદરત કયારેક દે છે ત્યારે છપ્પર ફાડીને દે છે.

તે બબલુને લઇને ઉપર આવી રહ્યાં હતા. તેમના હાથમાં ફૂલોવાળો બુકે અને આસમાની રંગની પતંગો હતી. મને તો જાણે કંઇ સમજ પડી જ નહીં. 'તમે અચાનક... ન ફોન કર્યો કે...' તેમણે મારી સામે નટખટ નજરથી જોતાં નારાજગી બતાવતાં કહ્યું, 'તો શું જતો રહું હાં... હાં... જતો જ રહું છું. તમે તમારે ખુબ પતંગો ઉડાવો... આસમાની પતંગો કાપો. અને મા દીકરો એકલાં એકલાં જીતની ખુશી મનાવો. તમેન મરી શું પડી છે.'

'એવું છે મને લાગે છે કે આસમાની પતંગ તમે જ ઉડાવતા હતા.' મેં જરાં રીસાવાની એકટિંગ કરી. 'જાવ હું તમારી સાથે નહીં બોલું.' હું નીચે ઉતરવા પગથિયાં તરફ જવા લાગી તો તેમણે હાથ પકડી લીધો. અને મને નજીક ખેંચી ખીસ્સામાંથી બહુ બધાં ફૂલો કાઢી અમારા મા-દીકરા પર વરસાવી દીધા. હવે મને સમજ પડી ગયેલી કે આ એમની જ શરારત હતી.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# છોકરીઓ પર પ્રતિબંધ..?? દિલ્લી પ્રકરણથી બિલ્લી થવાનું..?? ના.. ના.. ના..

## ઘર, ઓફીસ, બસ, કોલેજ... છોકરાઓ તો ફિલ્ડિંગ ભરવાનાં, છોકરીઓ સાપની જેમ ફૂંફાડો રાખશે તોય હેવાન દૂર રહેશે!

**Hello ફ્રેન્ડસ!**
**- સંજય થોરાત**

સમગ્ર ભારતને હચમચાવનારૂં દિલ્હી પ્રકરણ થયું અને એનાં ચાર-પાંચ દિવસમાં જ એક અન્ય ઘટના બની... મહારાષ્ટ્રના કરાડ નામના એક શહેરથી ૨૦-૨૫ કિ.મી. દૂર એક ગામમાંથી પરોઢીયે કરાડ શહેરની દિશામાં એક બસ નીકળી. આ બસમાં મોટાભાગે કૉલેજમં અપડાઉન કરતાં છોકરા-છોકરીઓ જ જતાં... છોકરાઓએ અગાઉથી નક્કી કરીને આજે ફિલ્ડીંગ ગોઠવી રાખેલી. દરેક સીટ પર એક એક છોકરો ગોઠવાઇ ગયો જેથી પછીથી આવનારી છોકરીઓ એમની બાજુમાં આવીને જ બેસે...

થવું પણ એવું જ દરેક છોકરીઓ છોકરાઓના બાજુમાં જ બેસવાનું આવ્યું, મોકાની રાહ જોઇને જ બેઠેલાં છોકરાઓએ એમનાં કરતૂત કરવાં ચાલું કર્યાં, સીટીઓ, કૉમેન્ટ, હલકી છેડછાડ, છોકરીઓ ડઘાઇ ગઇ અને એમને બીતી જોઇ, છોકરાઓ વધુ જોરમાં આવ્યાં. હવે શું કરવું કંઇ છોકરીઓને સૂઝતું નહોતું. કંડકટરે છોકરાઓને દબાવવાનો, સમજાવવાનો પ્રયત્ન કર્યો તો એનોય વારો પાડી દીધો... સહનશક્તિનો અંત આવ્યો અને બે છોકરીઓ હિંમત કરી ઊભી થઇ અને છેક ડ્રાઇવરની કેબીનમાં પહોંચી ગઇ, ડ્રાઇવરનાં કાનમાં કશુંક કીધું...

છોકરીઓ છેડતી અને મશ્કરીમાં મશગૂલ છોકરાઓએ કશાયનું ભાન જ નહોતું અને કૉલેજમાં દરવાજે પહોંચાડનારી બસે દિશા બદલી અને સીધી કરાડ શહેરનાં પોલીસ સ્ટેશને પહોંચી અને હવે છોકરીઓની દશા બદલાઇ અને છોકરાઓની દશા બેઠી, ગુસ્સાથી થરથરતી છોકરીઓએ પોલીસને એક એક છોકરી ઓળખ બતાવી. અંદર કરાવી દીધા. અને હવે ધ્રુજવાનો વારો છોકરાઓનો હતો... બે છોકરીઓની હિંમતથી અને સમયસૂચકતાથી દિલ્લી કરતાંય મોટી સામૂહીક બળાત્કારની ઘટના બનતા બનતાં રહી ગઇ...

આ આખીય ઘટનાએ પંથકમાં ખૂબ ચર્ચામાં રહી, નેશનલ ન્યૂઝને દિલ્લીની પિડીતામાંથી સમય ના મળ્યો અને આ એક છોકરીઓને માનસિક મલમ લગાડી શકે હિંમત અપાવી શકે એવી સૉલિડ ઘટના લૉકલ ન્યૂઝપેપરમાં સમચી સમેટાઇ ગઇ...

શહેરથી દૂર રહી, ગામડામાં ઘરપરિવાર, મર્યાદા સાચવી ભણતર મેળવવાં ૨૦-૨૫ કિ.મી.નો પ્રવાસ કરી અપડાઉનમાં છોકરીઓને શું મુશ્કેલીઓ પડે છે? ગ્રામીણ સંકુચીતતા અને પ્રતિબંધની તકલીફ, એક બાજુ શહેરનું મુક્ત વાતાવરણ, નવાં જીવનની મુક્ત ઉડાન, મિત્રો-બૉયફ્રેન્ડ બનાવવાની ઉત્સુકતા અને બીજી બાજુ સતત બીક, ધાક કે કોઇ લૉફર છોકરાઓ આપણે રસ્તો રોકયો તો શું? કોઇએ આપણને છોકરા સાથે જોઇ લેશે તો શું? આપણાં ઘરે આવી વાતો પહોંચસે તો માતા-પિતાનું શું?

પોતાનાં કાળજાનાં કટકાને હૃદય પર પત્થર મુકી યુવાન છોકરીઓને શહેરમાં ભણવા મોકલનાર મા-બાપને ગામનાં લોકોની બીક હોય છે. છોકરીનાં હાથે કંઇ ભૂલ થઇ તો છોકરીનું શું થશે એની ચિંતા કરતાં ગામનાં લોકો શું કહેશે? એનું લગ્ન કેવી રીતે થશે? એની ચિંતા વધુ હોય છે... ઘર-કૉલેજ-બસ-ઑફિસ દરેક ઠેકાણે સ્ત્રીઓ કામ કરતી થઇ છે ત્યાં પુરૂષો તો રહેવાનાં જ, દરેક પુરૂષો કંઇ એકસરખાં તો નહીં જ હોવાનાં એટલે સાવધાની એ જ શ્રેષ્ઠ માર્ગ છે. છોકરીઓનાં શારીરીક માનસિક ત્રાસમાંથી રાહત માટેનાં કંઇક થોડા ઉપાય...

તમારે રોજ કોઇને કોઇ જગ્યાએ નિયમીત ત્રાસ સહન કરવો



પડતો હોય એવી છોકરીઓ હોય તો... ગભરાઇને શું થશે?

છોકરીઓ ગભરાય છે, ચૂપ બેસે છે એટલે છોકરાઓને વધુ મજા પડે છે. ચાર માણસ વચ્ચે બૂમાબૂમ કરીશું તો આપણી આબરૂ જશે એવી બીક સૌથી મોટી હોય છે, પણ છોકરીઓએ આ બીક કાઢી નાંખવા જેવી છે... ચાર માણસ વચ્ચે મદદ માટે બૂમો પાડવામાં કોઇ સંકોચ રાખવા જેવો નથી, સમાજ શેના માટે છે? અને આમેય ચાર માણસ વચ્ચે બૂમાબૂમ કરતાં છોકરીઓની મદદ માટે પુરૂષો દોડીને આવે જ છે... લોકો આપણને શું કહેશે? એવું વિચાર્યા કરતાં દોડીને આપણી જાતને બચાવવી વધુ જરૂરી છે. ક્ષણિક લોકો ચર્ચા કરશે જે અઘટીત કરતાં કાયરેય પરવડશે?

મા-બાપને દરેક વાત કહેવાની રાખો. ભણવાનું બંધ કરાવશે, નોકરી - કૉલેજ છોડાવી દેશે એટલા માટે શાંત બેસી રહેવાની જરૂર નથી. મા-બાપને આવી વાતો કરવી એટલી સહેલી નથી હોતી પણ છતાંય આપણા સૌથી વધુ હિતચિંતક મા-બાપ જ છે એટલે એમને જ કહો. છોકરીઓની વાતને સમજી લેવાની માનસિકતા હજી બધાં મા-બાપે કેળવી નથી એટલે અઘરૂં તો છે... લૉફર છોકરાઓને જવાબ આપવો એમાં આત્મવિશ્વાસ જોઇએ, સાપની જેમ ફૂંફાડો રાખો ડસવાની જરૂર પણ નહીં પડે, થોડી હિંમત રાખશો તો ૯૯ ટકા કેસમાં તકલીફ નહીં જ પડે!!

છોકરીઓ યુવાન થાય અને એકલી જતી થાય એટલે સૌથી વધુ ટેન્શન મા-બાપને જ હોય છે. એમને ઘણીવાર આવા વિચિત્ર પ્રસંગોમાંથી પસાર થવું પડે છે, એમને સલાહ નહીં પણ કંઇક પ્રશ્નો મૂકું છું જેમાંથી ઉપાય જાતે જ નક્કી કરી લેવો...

છોકરીઓને આજેય પોતાના ઘરે, કે ઘરબહાર થતાં ત્રાસ વિશે કહેતાં બીક લાગે છે એનો એટલો જ મતલબ કે મા-બાપ તરીકે આપણે કયાં પાછા પડીએ છીએ? આપણે દીકરી જોડે આપણે ખુલ્લા દિલે વાતો કરી શકીએ છીએ? એની જિંદગીમાં આવતાં અઘરાં પ્રસંગો, ખાસ કરી કોઇ છોકરો હેરાન કરતો હોય ત્યારે એ તમને વાત કરે છે? ખુલ્લા મને એની તકલીફ વ્યક્ત કરે છે?

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**


**૯મી જાન્યુઆરી**



- ચિકિત્સા વિજ્ઞાન-શરીરવિજ્ઞાન ક્ષેત્રે નોબેલ પુરસ્કાર મેળવનાર અમેરિકન નાગરિક - અસલમાં ભારતીય ડૉ. હરગોવિંદ ખુરાનાનો જન્મદિન - ૧૯૨૨.

કોમોસોમ - ગુણસૂત્ર વિષેનું સંશોધન કર્યું. માતા-પિતાના સંતાનમાં ઉતરી આવતાં ગુણોની જાણકારી વિશ્વને આપી જગતને સ્તબ્ધ કરી દીધું.

- ૧૯૩૨ માં 'મુંબઇની શેઠાણી' નામની ગુજરાતી ભાષાની લઘુ કોમેડીની ફિલ્મ બની.
- ૧૩૨૪ - યુરોપીયન સાહસિક માર્કોપોલાનું અવસાન.



- ૧૯૧૫ - ગાંધીજી અને કસ્તુરબા દ. આફ્રિકાની બીજીવાર સફર કરીને મુંબઇના બંદરે ઉતર્યા.
- ૧૯૦૫ - રાજા ઝાર - રશિયાના હૂકમથી ગોળીબાર થતાં અનેકના મરણ થયા.

# દાંપત્યજીવન એવો બગીચો છે કે જેના ફૂલોની શોભા અને સુગંધ સૌ કોઇને માણવા મળે છે, પણ એના કાંટાના ઉઝરડા તો પરસ્પર પતિ-પત્નીને જ થતાં રહે છે,છતાં હસતાં મોઢે ઓછું-વત્તું સમાધાન સૌ કોઇ કરી લે છે

**પારિજાત**
**- રેખા ભટ્ટ**

કેવા રે મળેલા મનના મેળ!
રૂદિયાના રાજા...
કેવા રે મળેલા મનના મેળ!
રૂદિયાની રાણી...

દાંપત્યજીવનની શરૂઆત થાય છે. રંગીન સપનાંઓથી. જેમાં પતિ-પત્નીનો સંસાર બગીચાની જેમ મઘમઘતો છે. હીંચકામાં ઝૂલવાનું અને ગીતો ગાતાં ગાતાં આયખું પૂરૂં કરવાનું.

સમય જતાં ફૂલો થોડાં કરમાવા લાગે છે. હીંચકો સ્થિર થાય છે પગ વાસ્તવિકતાની જમીન પર ટેકવાય છે. મીઠાં-મધૂરાં ગીતો બેકગ્રાઉન્ડમાં જતાં રહે છે.

પતિ-પત્નીના પ્રેમાળ ચહેરા પાછળનો અસ્સલ સ્વભાવ-મિજાજ બહાર આવતો જા છે. સમયાંતરે એકબીજાની કમી અને ખાસિયતોનો પરિચય થતો જાય છે. અને શરૂ થાય છે. અસલી નાટક જિંદગીનું... જેના સંવાદો પહેલાંથી લખેતા હોતા નથી. કયું દશ્ય કયારે ભજવાશે નક્કી નથી. અંત સુખદ હશે કે દુઃખદ... ખબર નથી. અને કયું પાત્ર કયારે શું કરશે... કંઇ કહેવાય નહીં!!

એમ કહેવાય છે કે 'જોડીઓ' સ્વર્ગમાં બને છે, એમ પણ કહેવાય છે કે જે સ્ત્રી પતિના આદેશોનું પાલન કરે છે તેને મૃત્યુ પછી સ્વર્ગ મળે છે અને જે સ્ત્રી આદેશોનું પાલન નથી કરતી તે તો અહીં જ / અત્યારે જ સ્વર્ગમાં છે.

દાંપત્યજીવનનો પાયો છે પ્રેમ અને વિશ્વાસ પણ ઘણીવાર એવું પણ બને કે એકને પ્રેમ નહીં, બીજોને વિશ્વાસ નહીં

પણ મોટા ભાગના કિસ્સામાં સૌ કોઇ ઇચ્છે છે કે તેનું દાંપત્યજીવન આનંદમય પસાર થાય. અને આવા સંકલ્પ સાથે જીવનયાત્રા શરૂ કરે છે; પોતાના જીવનસાથીની સંગાથે. સાથે પોટકું લીધું છે પોતાના સ્વભાવનું - જેમાં થોડો પ્રેમ - થોડું સ્વમાન - થોડું અભિમાન - થોડી લાલચ - અને તેનો અનુભવ સંપર્કમાં આવનાર દરેકને થાય છે પણ સૌથી વધારે થાય છે જીવનસાથીને.

અને પરિણામે સંવાદના સ્થાને વિખવાદ અને પ્રેમના સ્થાને ધૃણા આવી જાય છે. ત્યારે મોટા ભાગના કિસ્સાઓમાં સ્ત્રીએ જ સહન કરવાનું થાય છે. સમાધાન પણ સ્ત્રી જ કરે છે. કેમ કે, પુરૂષને તો પોતાના જ ઘરમં માલિકી ભાવથી રહેવાનું હોવાથી ખાસ મોટો ફરક પડતો નથી.

સ્ત્રી પતિ સહિતના સમગ્ર વાતાવરણને અપનાવી લે છે. એટલે સુધી કે પતિના ઘરના તમામ સરંજામને પણ પોતાનો કરી કે પોપડા ઉખડી ગયેલું ઘર. સ્ત્રીના હાથનો સ્પર્શ બધું જ કામણગારૂં-રળિયામણું બનાવી દે છે. અને બદલામાં માગે છે પતિનો પ્રેમ.

પતિ પણ પત્નીને ખૂશ રાખવા મન મૂકીને મહેનત કરે છે. અને લગ્ન પહેલાં કરેલા વાયદા મૂજબ આકાશના તારા તો નથી તોડી લાવતો પણ દિવસ-રાત એક કરીને દાંપત્યજીવન ખુશીઓથી ભરી દેવા માગે છે. પણ, શરૂઆતમાં એકબીજા માટેના વધારે પડતાં પ્રેમને કારણે જે ખામીઓ ઢંકાઇ જતી હતી તે હવે નજરે પડવા માંડે છે. અને ધીમે ધીમે અવગુણો-ખામીઓ એટલા બધાં નજરે પડે છે કે તેની પાછળ પ્રેમ ઢંકાઇ જાય છે.

વધતી જતી જવાબદારીઓ પતિને થોડો ઘરની વિમુખ બનાવી દે છે અને પત્નીને કર્કશા.

'એક મોટા નેતા પોતાની પી.એ. સાથે અગત્યના કામની ચર્ચા કરી રહ્યા હતા. દરમિયાન બાજુમાં ઊભેલાં એક સન્નારી સતત વચ્ચે બોલબોલ કર્યા કરતાં હતાં.'

પી.એ. કંટાળીને કહે, ''કેટલી બધી કચકચ કરે છે આ બહેન?''

નેતા કહે, ''ભાઇ - એ મારાં પત્ની છે.'' પી.એ. થોડોક ઝંખવાઇને કહે, ''સૉરી, સર, મારી ભૂલ થઇ ગઇ.''

નેતા કહે, ''અરે ભાઇ! ભૂલ તો મારાથી થઇ ગઇ છે. તમે શું કામ માફી માગો છો?''

એટલે દાંપત્યજીવન એવો બગીચો છે કે જેના ફૂલોની શોભા અને સુગંધ સૌ કોઇને માણવા મળે છે. પણ એના કાંટાના ઉઝરડા તો પરસ્પર પતિ-પત્નીને જ થતાં રહે છે. છતાં હસતાં મોઢે ઓછું-વત્તું સમાધાન સૌ કોઇ કરી લે છે.

કેમ કે,
''પ્રેમ ગલી અતિ સાંકરી
જીસમેં દોહી સમાય''

- એટલે પસંદગી કરી લેવી અત્યંત આવશ્યક છે - જીવનસાથી કે અહંકાર?